# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- **સૌરાષ્ટ્રમાં મુશળધાર વરસાદઃ પોરબંદરમાં 24 કલાકમાં 22 ઇંચ અને કલ્યાણપુરમાં 18 ઇંચ વરસાદ ખાબક્યો**
- **રાજ્યમાં ચાંદીપુરાના વાયરસના વધુ 28 કેસ નોંધાયા - સુરતની સિવિલ હોસ્પિટલમાં આઇસીયુ ઊભું કરાયું**
- રાજ્ય સરકારે બાગાયતી પાકોના ખેડૂતો માટે ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ સાથે વધુ એક નવી યોજના અમલમાં મૂકી..
- **માઇક્રોસોફ્ટમાં ટેકનિકલ ખામીને કારણે અમદાવાદ એરપોર્ટ પર 24 ફ્લાઇટ રદ કરાઈ**
- **ભાવનગરમાં વગર પરવાને બનાવટી કોસ્મેટીક સાબુ બનાવતી ફેક્ટરી ઝડપાઈ**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJARAT-FLOOD

રાજ્યમાં છેલ્લાં બે દિવસથી સૌરાષ્ટ્રમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. પોરબંદરમાં 24 કલાકમાં 22 ઇંચ અને કલ્યાણપુરમાં 18 ઇંચ વરસાદ ખાબક્યો હતો. સૌરાષ્ટ્રના કાંઠાના જિલ્લાઓમાં છેલ્લાં બે દિવસથી ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.

ગઈકાલે સવારે છ વાગ્યાથી સાંજનાં આઠ વાગ્યા સુધીમાં 103 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો. સૌથી વધુ 12 ઇંચ વરસાદ દેવભૂમિ દ્વારકામાં અને આઠ ઇંચ વરસાદ પોરબંદરમાં પડ્યો હતો. આ બંને જિલ્લામાં મુશળધાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા અને જનજીવન ખોરવાઈ ગયું હતું. 25 તાલુકામાં બે ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો.

રાજ્યના રાહત કમિશનર આલોક કુમાર પાંડેએ જણાવ્યું હતું કે, પુરગ્રસ્ત જિલ્લામાં એનડીઆરએફ અને એસડીઆરએફની 10-10 ટીમો ગોઠવવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, પુરમાં ફસાયેલા 45 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે નીચાણવાળા વિસ્તારોમાંથી 400 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. વરસાદને કારણે નવ રાજ્ય ધોરી માર્ગ સહિત 200થી વધુ રસ્તાઓનું ધોવાણ થયું છે. 350થી વધુ ગામડાઓમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો, જેમાંથી 300 ગામોનો વીજ પુરવઠો પૂર્વવત કરવામાં આવ્યો હતો.

દરમિયાન, સરદાર સરોવરમાં 54 ટકા વરસાદની આવક થઈ છે. રાજ્યનાં 13 ડેમ હાઇ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે. ચોમાસાની મોસમમાં અત્યાર સુધીમાં 42 વ્યક્તિનાં મૃત્યુ નોંધાયા છે. દરમિયાન હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના નવ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, શિહોર, પાલીતાણા, તળાજા અને મહુવામાં છૂટા છવાયા વરસાદના ઝાપટા પડ્યા હતા.

---

-પીટીસી, ભાવનગર, ---પુલ (અપર્ણા ખુંટ), SEOC અનિલ -(NAVIN)

# Health Minister Rishikesh Patel

રાજ્યમાં ચાંદીપુરા વાઇરસનાં કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે. શુક્રવારે રાજ્યમાં વધુ 28 કેસો નોંધાયા હતા. આ સાથે કુલ કેસોની સંખ્યા વધીને 58 થઈ છે. બે દિવસમાં કેસો વધીને બમણા થયા છે. સૌથી વધુ આઠ કેસો સાબરકાંઠામાં નોંધાયા છે. પંચમહાલમાં સાત, જામનગરમાં પાંચ, અરવલ્લીમાં ચાર, મહિસાગર, ખેડા, રાજકોટ, સુરેન્દ્રનગરમાં બે કેસ નોંધાયા છે.

દરમિયાન રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ગઈકાલે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલ જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં વાયરલ એનકેફેલાઇટીસનાં શંકાસ્પદ કેસોની સમીક્ષા કરી હતી.

આ પ્રસંગે શ્રી પટેલે બાળ દર્દીઓની મુલાકાત લઇ તેમના ખબર અંતર પૂછ્યા હતા. તેમજ જરૂરી ઈલાજ માટે ડોકટરો સાથે ચર્ચા વિચારણા કરી બાળકોને હોસ્પિટલમાં ક્યારે દાખલ કાર્યથી લઇ ક્યાં પ્રકારની સારવાર અપાઈ રહી છે તે તમામ બાબતોની જીણવટપૂર્વકની માહિતી મેળવી હતી.

શ્રી પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આ બાબતે દૈનિક મોનીટરીંગ તેમજ સુપરવિઝન કરી રહી છે અને જરૂરી પગલાં પણ ઉઠાવી રહી છે, તેથી કોઈએ ગભરાવવાની જરૂર નથી તેમ તેઓએ વધુમાં જણાવ્યું હતું.

---

- અખબારી યાદી - સરફરાઝ નાગોરી

-(NAVIN)

# Chandipura

રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ચાંદીપુરા (એન્કેફેલાઇટીસ) વાયરસના કેસો નોંધાતાં સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે 30 બેડનું ત્યાપીડિયાટ્રીક ઇન્ટેન્સિવ કેર યુનિટ ઉભું કરાયું છે. જેમાં વેન્ટિલેટર, ઓક્સિજન અને દવાઓની પૂરતી વ્યવસ્થા સાથે ડોક્ટરોની ટીમને સંભવિત બાળદર્દીની સારવાર માટે સજ્જ કરવામાં આવી છે.

સિવિલ તંત્રની તૈયારીઓ વિષે ડો. જિગીષા પાટડીયાએ જણાવ્યું હતું કે, સિવિલની કિડની બિલ્ડીંગના પ્રથમ માળે શરૂ કરાયેલ 30 બેડનાં  પીડિયાટ્રીક ઇન્ટેન્સિવ કેર યુનિટમાં  ચાંદીપુરા વાયરસના કોઈ પણ શંકાસ્પદ કેસની સારવાર કરવામાં આવશે.

અહીં વેન્ટિલેટર્સ, ઓક્સિજન અને દવાઓની પૂરતી વ્યવસ્થા સાથે ડોક્ટરોની ટીમ, નર્સિંગ અને સપોર્ટ સ્ટાફ  24 કલાક માટે ઉપલબ્ધ રાખવામાં આવેલ છે. આ ઉપરાંત  ત્વરિત સારવારની સ્થિતિમાં બાળકોના તબીબોની એક ખાસ ટીમ તૈનાત કરાઈ છે.

---

- સુરત-અખબારી યાદી - સરફરાઝ નાગોરી -(NAVIN)

# RAGHAVJI PATEL- COLD STORAGE

રાજ્ય સરકારે બાગાયતી ઉપજોનો બગાડ અટકાવવા તેમજ ખેડૂતોને સારો બજાર ભાવ મળી રહે તે માટે 50 કરોડ રૂપિયાની જોગવાઈ સાથે વધુ એક નવી યોજના અમલમાં મૂકી છે. જે અંતર્ગત બાગાયતી ખેતી કરતા ખેડૂતો પોતાના ઉત્પાદનોનો સારી રીતે સંગ્રહ કરી શકે તે માટે 10 હજાર મેટ્રિક ટન ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા અંગેની નવી યોજના શરૂ કરવામાં આવી છે.

કૃષિમંત્રી રાઘવજી પટેલે યોજના અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું કે, આ યોજના હેઠળ 5 હજાર મેટ્રિક ટનથી મોટા અને 10 હજાર મેટ્રિક ટન ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા માટે એકમદીઠ ખર્ચના મહત્તમ 50 ટકા સુધીની સહાય આપવામાં આવશે. વધુમાં તેમણે ઉમેર્યું કે, કોલ્ડ સ્ટોરેજમાં બાગાયતી પાકોની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાઈ રહેતી હોવાથી, ખેડૂતો તેમની ઉપજના સારા બજાર ભાવ મેળવીને આર્થિક નુકશાનથી બચી શકે છે.

---

-રીપીટ

# AMC CCTV WORK

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને અકસ્માતની ઘટનામાં આરોપીઓને ઝડપવા શહેરના તમામ બ્રિજ પર CCTV કેમેરા લગાવવાનો નિર્ણય લીધો છે. આ કામગીરી હાલ ચાલી રહી છે. તેમજ શહેરમાં 112 ટ્રાફિક જંકશન પર CCTV કેમેરા લાગેલા છે, જેમાં 96 જેટલા કેમેરા કાર્યરત છે. બાકીના કેમેરા મેઈન્ટેનન્સના કારણે બંધ છે, જેને ચાલુ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ઉપરાંત વધુ 100 જેટલા જંકશનનો પર CCTV કેમેરા લગાવવાની કામગીરી તબક્કાવાર કરાશે.

**બાઈટ - દેવાંગ દાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન**

AHMEDABAD DEVANG DANI BYTE

---

વિધી -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# Ahmedabad airport

માઇક્રોસોફ્ટમાં ટેકનિકલ ખામીને કારણે અમદાવાદ એરપોર્ટ પર ઓનલાઇન બોર્ડિંગ અને ચેકિંગની કામગીરી ખોરવાઇ જતાં મુસાફરોને સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. એક અહેવાલ પ્રમાણે, અમદાવાદ, સુરત અને રાજકોટ એરપોર્ટ પર કુલ 24 જેટલી ફ્લાઇટ રદ કરવામાં આવી હતી.

એરપોર્ટની તમામ કામગીરી કમ્પ્યુટરાઇઝ થઈ હોવાથી ગઈ કાલે બપોરે માઇક્રોસોફ્ટનાં સોફ્ટવેરમાં ટેકનિકલ ખામી સર્જાતા સિસ્ટમ ખોરવાઈ ગઈ હતી. જો કે મેન્યુઅલી બોર્ડિંગ કરીને મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી હતી.

---

--ડેસ્ક અનિલ

-(NAVIN)

# AHMEDABAD CIVIL HOSPITAL ORGAN DONATION

અમદાવાદની સિવિલ હોસ્પિટલને 159મું અંગદાન મળ્યું. ત્રણ દિવસ અગાઉ બનાસકાંઠા ના કાંતિભાઇ પરમારને રોડ એક્સિડન્ટ દરમિયાન માથાના ભાગે ગંભીર ઇજા થતા ડોક્ટરે બ્રેઇન ડેડ જાહેર કર્યા હતા.

સિવિલ હોસ્પિટલના ડોક્ટરોની ટીમે કાંતિભાઇ પરમારના પરિવારજનોને અંગદાન વિશે સમજાવતા તેમણે અંગદાન કરવાનો નિર્ણય લીધો હતો. અત્યાર સુધીમાં સિવિલ હોસ્પિટલને 159 અંગ દાતાઓ થકી 514 અંગોનું દાન મળ્યું છે અને 498 વ્યક્તિઓને નવજીવન મળ્યું છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોષી એ વધુમાં વધુ લોકો અંગ દાન કરે તેવી હાકલ કરી હતી.

## બાઈટ - ડૉ.રાકેશ જોષી, અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ

**AHMEDABAD DR RAKESH JOSHI BYTE**

---

-પીટીસી, વિધી -(NAVIN)

# Amazon Cosmetic Sales

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ભાવનગર ખાતે વગર પરવાને વિવિધ કોસ્મેટીક સાબુ બનાવટી ફેક્ટરી પકડી પાડવામાં આવી છે અને શંકાસ્પદ કોસ્મેટીકના ચાર નમુના લઈ ચકાસણી માટે મોકલી આશરે ૬૦ હજાર રૂપિયાની કિંમતનો કોસ્મેટીકનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું કે, કોસ્મેટીકના લાયસન્સ વગર લોકોને ગેરમાર્ગે દોરતી જાહેરાત કરી અંધશ્રધ્ધા ફેલાવવાનું કૃત્ય કરતા લોકો દ્વારા કોઇ પણ પ્રકારની જ્યોતીષી કરવા માટેની ડિગ્રી વગર જ લોકોને જ્યોતીષ માર્ગદર્શન પુરુ પાડી લોકોને છેતરવામાં આવે છે. આ ઉપરાંત, ઓનલાઇન માધ્યમમાં ખોટો પ્રચાર કરી ઉત્પાદન અને વેચાણનું કૃત્ય થાય છે જેની સામે

ગાંધીનગરની ડ્રગની ટીમ અને ભાવનગરની ડ્રગની ટીમ દ્વારા ભાવનગરના મદદનીશ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ ભાવનગરમાં કાર્યવાહી કરવામાં આવી હતી..

---

--મા ખા. અનિલ -(NAVIN)

# RAIN TRAIN

પોરબંદર જિલ્લામાં વરસી રહેલાં અનરાધાર વરસાદને પગલે રેલવે ટ્રેક પર પાણી ભરાઈ જતાં આજે 20 જુલાઈના પોરબંદર-કાનાલુસ સેક્શનની 6 ટ્રેનો રદ્દ કરવાનો પશ્ચિમ રેલવે વિભાગે નિર્ણય લીધો છે.

આ અંગે પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝને એક અખબારી યાદીમાં વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, પોરબંદરથી સવારે 5 કલાક અને 45 મિનિટે ઉપડનારી પોરબંદર- રાજકોટ ટ્રેન, સાંજે 4 કલાકે ઉપડનાર રાજકોટથી ઉપડનાર રાજકોટ પોરબંદર ટ્રેન, પોરબંદર-ભાણવડ ટ્રેન, પોરબંદર- કાનાલુસ, પોરબંદર-ભાવનગર તેમજ રાજકોટથી પોરબંદર તરફ જતી ટ્રેનો આજે સંપૂર્ણપણે બંધ રહેશે.

---

- અખબારી યાદી - સરફરાઝ નાગોરી -(NAVIN)